# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જમ્મુ કાશ્મીરમાં 46 હજાર કરોડ રૂપિયાથી વધુનાં અનેક વિકાસ કાર્યોનું શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું

2) પ્રધાનમંત્રીએ શ્રીનગરથી માતા વૈષ્ણોદેવી કટરાવચ્ચે વંદેભારત ટ્રેનને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી

3) ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં ભારતીય ભાષા અનુભાગનો પ્રારંભ કરાવ્યો

4) સેબીએ ભાગેડુ ઉદ્યોગપતિ મેહુલ ચોક્સીના બેંક ખાતાઓ, મ્યુચ્યુઅલફંડ અને શેર જપ્ત કરીને બે કરોડ રૂપિયાથી વધુ રકમ વસૂલવાનો આદેશ આપ્યો

5) રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ પોલિસી રેપો રેટ 50 બેસિસ પોઇન્ટ ઘટાડી 5.5 ટકા કર્યો

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-KASHMIR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કાશ્મીરથી કન્યાકુમારી સુધી દેશ હવે રેલ્વે નેટવર્ક દ્વારા જોડાઈ ગયો છે. શ્રી મોદીએ આજે જમ્મુ અને કાશ્મીરના કટરા ખાતે ચેનાબ પુલ અને અંજી  પુલનું ઉદ્ઘાટન કર્યા બાદ આ નિવેદન આપ્યું હતું.

શ્રી મોદીએ 46,000 કરોડ રૂપિયાથી વધુના સંખ્યાબંધ વિકાસ કાર્યોનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરી  રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા.

એક જાહેર સભાને સંબોધતા તેમણે કહ્યું કે આ વિકાસ પ્રોજેક્ટ્સ જમ્મુ અને કાશ્મીરની પ્રગતિને નવી ગતિ આપશે. શ્રી મોદીએ ઉમેર્યું કે, ચેનાબ અને અંજી પુલ જમ્મુ અને કાશ્મીર માટે સમૃદ્ધિના પ્રવેશદ્વાર તરીકે સેવા આપશે. પ્રધાનમંત્રીએ શ્રીનગરથી માતા વૈષ્ણોદેવી- કટરા વચ્ચે વંદેભારત ટ્રેનને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.

શ્રી મોદીએ નોંધ્યું કે ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લાઈન પ્રોજેક્ટ ફક્ત એક નામ નથી, પરંતુ આ પ્રદેશની નવી તાકાતની ઓળખ અને ભારતની વધતી જતી શક્તિની ઘોષણા છે.

(BYTE MODI ON RAILWAY )

પ્રધાનમંત્રીએ 22 એપ્રિલની આતંકી ઘટનાને ટાંકી કહ્યું કે પાકિસ્તાને પહલગામમાં ઈન્સાનિયત અને કાશ્મીરીયત બંને પર હુમલો કર્યો, ઘણા કાશ્મીરી પરિવારોને આજીવિકા પૂરી પાડતા પર્યટન ક્ષેત્રને નિશાન બનાવ્યું.

(BYTE PM ON OPERATION SINDOOR)

# AMIT SHAH - LANGUAGE

ગૃહમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં ભારતીય ભાષા અનુભાગનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે શ્રી શાહે કહ્યું કે તે વિદેશી ભાષાઓના પ્રભાવથી વહીવટને મુક્ત કરવાની દિશામાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. તેમણે કહ્યું કે જ્યારે વિચાર, વિશ્લેષણ અને નિર્ણય લેવાની પ્રક્રિયાઓ માતૃભાષામાં હશે ત્યારે જ સંભાવનાનો સંપૂર્ણ ઉપયોગ કરી શકાય છે.ભારત બધી સ્થાનિક ભાષાઓને મજબૂત કરીને જ તેના શાશ્વત ગૌરવશાળી સ્થાન પર પહોંચશે.

ગૃહમંત્રીએ કહ્યું કે ભારતીય ભાષા અનુભાગ ભારતની ભાષાની વિવિધતાને સમાવીને તમામ ભાષાઓને એક મજબૂત અને સંગઠિત પ્લેટફોર્મ પૂરું પાડશે. તેમણે એવો પણ અભિપ્રાય આપ્યો કે બધી ભાષાઓની ભાવના, સમૃદ્ધિ અને સંવેદનશીલતાને ઘટાડ્યા વિના ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઈએ.

# SC -NEET

NEET-PGની આ વર્ષે લેવાનારી પરીક્ષા માટે નવી તારીખ જાહેર કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડને 3 ઓગસ્ટના એક જ શિફ્ટમાં પરીક્ષા લેવાની મંજૂરી આપી છે. આ પહેલા  પરીક્ષા 15 જૂને યોજાવાની હતી. ન્યાયાધીશ પ્રશાંત કુમાર મિશ્રા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે શરૂઆતમાં રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષા લેવા માટે માંગવામાં આવેલા બે મહિનાથી વધુ સમય પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે 3 ઓગસ્ટના  NEET-PG યોજવા માટે આપવામાં આવેલા કારણો સાચા લાગે છે.જોકે, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડ ને NEET-PG પરીક્ષા યોજવા માટે વધુ કોઈ સમય આપવામાં આવશે નહીં.

# NEW. RANA-CUSTODY

દિલ્હીની એક અદાલતે આજે 26/11ના મુંબઈ હુમલાના આરોપી તહવ્વુર હુસૈન રાણાની ન્યાયિક કસ્ટડી આગામી મહિનાની 9મી તારીખ સુધી લંબાવી છે. રાણાને અગાઉ આપવામાં આવેલી ન્યાયિક કસ્ટડીની મુદત પૂરી થયા બાદ વીડિયો કોન્ફરન્સ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા ત્યારે સ્પેશિયલ જજ ચંદર જીત સિંહે આ આદેશ આપ્યો હતો. પટિયાલા હાઉસ કોર્ટે તિહાર જેલના અધિકારીઓને રાણાના સ્વાસ્થ્ય અંગે રિપોર્ટ રજૂ કરવા કહ્યું છે.

તેમના વકીલે આરોપીના બગડતા સ્વાસ્થ્યનો મુદ્દો ઉઠાવ્યો હતો. અગાઉ, NIAએ પાકિસ્તાની-કેનેડિયન નાગરિક રાણાના અવાજ અને હસ્તાક્ષરના નમૂના કોર્ટમાં રજૂ કર્યા હતા , જેથી તેમને 26/11ના સહ-આરોપી ડેવિડ કોલમેન હેડલી સાથેની ટેલિફોન વાતચીતના રેકોર્ડિંગ સાથે મેચ કરી શકાય.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# RIJIJU-UMEED PORTAL

કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આજે નવી દિલ્હીમાં UMEED સેન્ટ્રલ પોર્ટલ લોન્ચ કર્યું. આ પોર્ટલ અંતર્ગત  નવી વકફ મિલકતોની નોંધણી, વકફ વિગતો ફાઇલ કરવી, ઓકફના રજિસ્ટરની જાળવણી કરવા જેવી કામગીરી કરી શકાશે. આ પ્રસંગે બોલતા, શ્રી રિજિજુએ જણાવ્યું હતું કે UMEED સેન્ટ્રલ પોર્ટલ વકફ મિલકત વ્યવસ્થાપન અને વહીવટમાં પારદર્શિતા લાવશે અને આ મિલકતોની કાર્યક્ષમતામાં પણ વધારો કરશે.

પોર્ટલની મુખ્ય વિશેષતાઓમાં વકફ અને સંબંધિત મિલકતોની નોંધણી માટે સરળ પ્રક્રિયા, OTP ચકાસણી દ્વારા મોબાઇલ નંબર અથવા ઇમેઇલ-આધારિત લોગિન અને અન્ય માહિતી સુનિશ્ચિત કરવા અને અનધિકૃત પ્રવેશને રોકવા માટે મેકર, ચેકર અને મંજૂર કરનારની ત્રિ સ્તરીય વપરાશકર્તા સિસ્ટમનો સમાવેશ થાય છે.

# SEBI - CHOKSI

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) એ ભાગેડુ ઉદ્યોગપતિ મેહુલ ચોક્સીના બેંક ખાતાઓ, મ્યુચ્યુઅલ ફંડ અને શેર જપ્ત કરીને બે કરોડ રૂપિયાથી વધુ રકમ વસૂલવાનો આદેશ આપ્યો છે. આ રકમ ગીતાંજલિ જેમ્સના શેરમાં ઇનસાઇડર ટ્રેડિંગ નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ તેમના પર લાદવામાં આવેલા દંડ સાથે સંબંધિત છે.ઉલ્લેખનીય છે કે, શ્રી ચોક્સી ગીતાંજલિ જેમ્સના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર હતા, તેમના પર એક સહયોગી સાથે અપ્રકાશિત -સંવેદનશીલ માહિતી શેર કરવાનો આરોપ છે.

# CRR SENSEX

રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા-આરબીઆઇ એ રેપો રેટ 50 બેસિસ પોઇન્ટ ઘટાડીને 5.5 ટકા કર્યો છે, જ્યારે કેશ રિઝર્વ રેશિયો-CRRમાં 100 બેસિસ પોઇન્ટનો ઘટાડો કર્યો છે.

આ નિર્ણયને પગલે શેરબજારોમાં તેજી જોવા મળી હતી. બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો સપ્તાહના અંતે લગભગ એક ટકાના વધારા સાથે બંધ થયા હતા. વૃદ્ધિને વેગ આપતા આરબીઆઇનાં નિર્ણયથી બેંકિંગ, ઓટો અને રિયલ એસ્ટેટ શેરોમાં તીવ્ર તેજી જોવા મળી. બોમ્બે સ્ટોક એક્સચેન્જ- સેન્સેક્સ 747 પોઇન્ટ વધીને 82 હજાર 189 પર બંધ થયો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેજ નિફ્ટી પણ 252 પોઇન્ટ વધીને 25 હજાર 003 પર બંધ થયો હતો. BSE મિડ-કેપ ઇન્ડેક્સ 0.91 ટકા વધ્યો, જ્યારે સ્મોલ-કેપ ઇન્ડેક્સ 0.43 ટકાના વધારા સાથે બંધ થયો.

# GOYAL-FDI

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ભારતના વિદેશી સીધા રોકાણ (FDI) પ્રવાહને પરિવર્તનશીલ ગણાવ્યો હતો. તેઓએ એક વિડીયો સંદેશ દ્વારા રોકાણકારો સાથેની રાઉન્ડ ટેબલમાં વાત કરતાં કહ્યું કે, ભારતની FDI સફળતાની વાર્તા માત્ર પ્રભાવશાળી આંકડાઓ વિશે જ નથી પરંતુ તે દૂરંદેશી સુધારાઓ, નીતિ સ્પષ્ટતા અને ભારતના આર્થિક ભવિષ્યમાં વૈશ્વિક સમુદાયના વિશ્વાસનું પ્રતિબિંબ પણ છે. શ્રી ગોયલે કહ્યું કે મોટાભાગના ક્ષેત્રોમાં ઓટોમેટિક રૂટ દ્વારા 100 ટકા સુધી FDI ને મંજૂરી આપવામાં આવી છે.

મંત્રીએ ભારતને વિશ્વનું સૌથી પસંદગીનું રોકાણ સ્થળ બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી. આ રાઉન્ડ ટેબલ બેઠકમાં અગ્રણી કંપનીઓ, ઔદ્યોગિક ઉદ્યાનો અને ઔદ્યોગિક સંગઠનોના હિસ્સેદારો સહિત 90 થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

# RUSSIA - UKRAINE DRONES

રશિયાની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ યુક્રેનના 174 ડ્રોનને અટકાવીને તોડી પાડ્યા છે. રશિયન સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ બ્રાયન્સ્ક, રોસ્ટોવ, સારાટોવ, વોરોનેઝ, કાલુગા,ઓર્યોલ, રાયઝાન, તુલા, બેલ્ગોરોડ, તાંબોવ, મોસ્કો પ્રદેશો અને ક્રિમીઆ પ્રદેશો પર યુક્રેનના વિમાન જેવા ડ્રોનનો નાશ કર્યો છે.

મોસ્કો નજીક પહોંચતી વખતે દસ ડ્રોનને તોડી પાડવામાં આવ્યા હતા. હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ કાળા સમુદ્ર પર ત્રણ યુક્રેનિયન નેપ્ચ્યુન-એમડી માર્ગદર્શિત મિસાઇલોનો પણ નાશ કર્યો છે. રશિયન વાયુસેનાએ દેશના તુલા પ્રદેશ તરફ જતા યુક્રેનના બે ડ્રોનને પણ તોડી પાડ્યા છે, જેમાં ત્રણ લોકો ઘાયલ થયા છે.

# HARVARD- US

અમેરિકાના બોસ્ટનનાં એક ફેડરલ જજે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વિદેશી વિદ્યાર્થીઓને હાર્વર્ડ યુનિવર્સિટીમાં પ્રવેશ પર પ્રતિબંધના  વહીવટી આદેશ પર કામચલાઉ  રૂપે રોક લગાવી છે. યુનિવર્સિટીએ કોર્ટમાં કાનૂની પડકાર દાખલ કર્યો હતો, જેમાં આ આદેશને ગેરકાયદેસર ગણાવ્યો હતો.

# INDONESIA OPEN

ઇન્ડોનેશિયા ઓપન સુપર 1000માં ભારતનું અભિયાન આજે સમાપ્ત થયું. ટોચની ક્રમાંકિત ભારતીય ડબલ્સ જોડી, ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ રેંકીરેડ્ડી જાકાર્તામાં ક્વાર્ટર ફાઇનલમાં મલેશિયાની જોડી મેન વેઈ ચોંગ અને ટી કાઈ વિન સામે હારી ગયા છે.

શેટ્ટી અને રેડ્ડીએ માત્ર ચાલીસ મિનિટ સુધી ચાલેલી સ્પર્ધામાં હારી ગયા હતા.